# Aanand Education College, Anand

**YEAR :-2020-2021**

**SEM:-2**

**SUBJECT:–DEVELOPING THE SELF**

**TOPIC :-SPIRITUAL SELF**

**PRINCIPAL:– DR.D.R.PARMAR**

**PRESENTED BY : DR.B.R.MISTRY**

# ❖ પ્રસ્તાવના

હિંદના આધ્યાત્મિક વિચારધારાના લાંબા ઇતિહાસના ગાળામાં વેદ, ઉપનિષદ્, વેદાંત, સાંખ્ય, ભગવદ્ગીતા અને એવા બીજા અનેક તત્ત્વજ્ઞાનના પ્રદાન થકી ભારતની સંસ્કૃતિ રચાયેલી છે. ઋગ્વેદના સમયમાં માનવનું ચિત્તતંત્ર ઉચ્ચમાં ઉચ્ચ ઉડ્ડયન કરી આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત કરે છે. એ વેદકાળના ઋષિઓની અનુભૂતિ જે કોઈ દિવ્ય, પરાત્પર આનંદમય તત્ત્વની હતી. જેમાં માનવનો સ્વ વૃદ્ધિ અને વિકાસ પામ્યો. ઉપનિષદનો યુગ આધ્યાત્મિક સમન્વયનો બીજા યુગ હતો. વેદકાલીન ઋષિઓને અદ્વૈતનો જે સાક્ષાત્કાર થયો હતો તેનો સ્વીકાર કરી ઉપનિષદના ઋષિઓએ પોતાના ઉચ્ચ અને ગહન સમન્વયના પ્રારંભ દ્વારા ક્રાન્ત દર્શન કર્યું.

# ❖ આધ્યાત્મિક સ્વ

- મીમાંસાદર્શનમાં સ્વ વિશેનો વિચાર રજૂ'કરવામાં આવ્યો છે તે બાહ્યાર્થવાદી (Realistic) તથા અનેક વસ્તુવાદી (Pluralistic) દર્શનોના ખ્યાલને મળતો આવે છે. અનુભવોની વિવિધતાને યોગ્ય રીતે સમજાવી શકાય તે માટે મીમાંસકો અનેક જીવવાદનો સિદ્ધાંત સ્વીકારે છે.

- આધ્યાત્મિક સ્વ એટલે પરા પ્રકૃતિ જે ભગવદ્ગીતામાં સ્વયં શ્રીકૃષ્ણે વર્ણવી છે. પરા પ્રકૃતિ બ્રહ્મની પોતાની અનંત ચેતના છે જેમાં દિવ્ય શક્તિ ‘સ્વ’ ભાવથી હોય છે તે સ્વયંભૂ સત્-તાની સચેતન શાશ્વત શક્તિ છે એમાં સર્વભૂતો આ વિશ્વમાં વ્યક્ત થાય છે. પરાપ્રવૃત્તિ પોતે વિશ્વમાં અનેકરૂપે અનેક પ્રકારના જીવોનો આવિર્ભાવ કરવા માટેનો આધ્યાત્મિક પાયો છે. પરમ તત્ત્વનો પોતાનો અનેક સ્વરૂપો ધારણ કરવાવાળો સનાતન અંશ વ્યક્તિમાં આધ્યાત્મિક સ્વ તરીકે વિશ્વના સર્વ રૂપોમાં પ્રગટ

- આધ્યાત્મિક સ્વ એટલે સઘળી સસ્તુઓમાં એક અવિભાજ્ય આત્માના ચેતનનો ધબકાર, પ્રત્યેકમાં રહેલ વ્યક્તિરૂપ આધ્યાત્મિક સત્ પ્રકૃતિના તમામ ગુણોના સારરૂપે વ્યક્ત થાય છે.

# ❖ માનિષીઓના મતે આધ્યાત્મિક સ્વની સંકલ્પના

- શબરભાષ્યમાં શબર સ્વામીના મતે આધ્યાત્મિક સ્વ કે આત્મા નિત્ય છે, જ્ઞાતા છે તથા સ્વસંવેદ્ય છે અને અન્યથી દેખાય નહિ તેવો છે.

- કુમારિલ ભટ્ટ આધ્યાત્મિક સ્વને સર્વપ્રથમ, નિત્ય અને અવિનાશી ગણે છે અને પછી જણાવે છે કે તેનામાં અન્ય શરીરો ધારણ કરવાની ક્ષમતા છે. હકીકતમાં તે જ 'કર્તા' તથા 'ભોક્તા' પણ છે તે વિભુ (સર્વવ્યાપી) છે. તેઓ આધ્યાત્મિક સ્વને શુદ્ધ જ્ઞાન સ્વરૂપ તથા દેશ-કાળથી અપરિચ્છિન્ન માને છે. આધ્યાત્મિક સ્વ સ્વયંપ્રકાશી, નિત્ય અને સર્વગત છે. તે અહંવિત્તિ (અહંજ્ઞાનનો વિષય) છે. જ્ઞાન, લાગણી, ક્રિયા વગેરે તેની જ વિશિષ્ટ સ્થિતિઓ તેનો તે આધાર (અધિષ્ઠાન) છે. તે શાશ્વત, સર્વવ્યાપી, કર્તા તેમ જ ભોક્તા છે. વેદાન્તીઓનો મત પણ આધ્યાત્મિક સ્વ બાબતે આવો જ છે.

- કુમારિલ ભટ્ટના આત્મા કે સ્વવિષયક વિચારોની તુલના સાથે રામાનુજના વિચારો મળતા આવે છે. રામાનુજના મતે બોધ એ આત્માનો નિત્યગુણ છે અને તે વિસ્તાર સંકોચશીલ હોઈ શકે છે.

- પ્રભાકર મિશ્રના મતે આધ્યાત્મિક સ્વ અ-બોધ છે, તત્વત : જડ છે. તે કર્તા, ભોક્તા અને વિભુ છે. તે જ્ઞાન, ક્રિયા, અનુભવ, ભોગ, દુઃખો વગેરે ગુણોનો આશ્રય છે. સ્વ જ્ઞાતા છે અને જ્ઞાતા રૂપે જ પ્રવેશે છે. આધ્યાત્મિક સ્વ જ્ઞાનથી ભિન્ન હોવા છતાં તે જ્ઞાન દ્વારા જ બોધગમ્ય છે. પ્રભાકર આત્માને સ્વયંપ્રકાશી ગણતા નથી.

- ડૉ. ગંગાનાથ ઝા પણ 'પ્રકરણ પંચિકા'ના આધારે એમ સ્વીકારે છે કે, આત્મા સ્વયં પ્રકાશી નથી, માત્ર જ્ઞાન (Cognition) જ સ્વયંપ્રકાશી છે.

- સ્વ અણુરૂપ પણ નથી તેમજ તે દેહપરિમાણ પણ નથી. પ્રભાકર મિશ્રના મતે આત્મા કે આધ્યાત્મિક સ્વ તે જ જ્ઞાનનો જ્ઞાતા (Subject) અને જ્ઞેય વિષય (Object) એમ બંને હોઈ શકે નહીં.

- પાર્થસારથી મિશ્રના મતે, સ્વ એટલે જ્ઞાતા જે શરીરથી ભિન્ન છે. તે માનસપ્રત્યક્ષનો વિષય છે. ન્યાયદર્શન પણ આવું જ માને છે.

- જૈનશાસ્ત્ર સ્વને દેહપરિમાણરૂપ અને સંકોચ વિકાસશીલ માને છે.

# ❖ઉપસંહાર

તુંડેતુંડે-મિતિભિનના મુજબ વેદાન્તીઓ, સાંખ્યદર્શન, ભગવદ્ગીતા તેમજ મનિષીઓના મતે આધ્યાત્મિક સ્વની સંકલ્પના અલગ-અલગ રીતે વ્યક્ત થઈ છે. આધ્યાત્મિક સ્વની સત્તા અને પ્રભુતા સર્વ દ્વારા સ્વીકૃત છે. પરંતુ તેના સ્વરૂપ વિશે મતમતાંતરો પ્રવર્તે છે. પ્રત્યેક મનુષ્યમાં દેવત્વ રહેલું છે, જેને આપણે આધ્યાત્મિક સ્વ તરીકે ઓળખીએ છીએ. એ દેવતત્ત્વની સાથે અદ્વૈત સ્થાપન થતાં એની દિવ્યશક્તિ આપણી અધોપ્રકૃતિના આવરણમાંથી પોતાની જાતને મુક્ત કરીને પ્રગટ થાય છે અને  ખરેખર આ બધું બ્રહ્મ છે, એવી અનુભૂતિ થાય છે.

# THANK YOU